પડધરી રેલવે સ્ટેશનનું રૂા.૭.૫૯ કરોડના ખર્ચે નવીનીકરણ

સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે

રાજકોટ,

પશ્ચિમ રેલવેના રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા મુસાફરોની સુખદ અને સુરક્ષિત મુસાફરીની દિશામાં એક મોટી ઉપલબ્ધિ હાંસલ કરવામાં આવી છે. 'અમૃત ભારત સ્ટેશન યોજના' અંતર્ગત રૂ.૭.૫૯ કરોડના ખર્ચે પડધરી સ્ટેશનનું વ્યાપક પુનઃવિકાસ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ સ્ટેશન માત્ર આધુનિક સુવિધાઓથી સજ્જ નથી, પરંતુ તેની નવી ભવ્ય સ્થાપત્ય કલા સાથે સૌરાષ્ટ્રની રેલ કનેક્ટિવિટીને નવી ઊંચાઈ પ્રદાન કરી રહ્યું છે.સ્ટેશનને સંપૂર્ણપણે 'દિવ્યાંગજન અને વડીલો માટે અનુકૂળ' બનાવવામાં આવ્યું છે. વિસ્તૃત સર્કયુલેટિંગ એરિયાના વિકાસથી સ્ટેશન પરિસરમાં વાહનોની અવરજવર સરળ અને વ્યવસ્થિત બનશે. સ્ટેશનને નીચે મુજબની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવ્યું છેઃ

ભવ્ય સ્ટેશન બિલ્ડિંગનો ૩૬૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલી આધુનિક સ્થાપત્ય શૈલીથી નિર્મિત નવી ઈમારત, જે મુસાફરોને ભવ્ય પ્રવેશદ્વાર પૂરો પાડે છે. આધુનિક કોક્રોર્સ બનશે જેમાં ૧૦૬૦ ચોરસ ફૂટનો ખુલ્લો અને વિશાળ વિસ્તાર, જ્યાં મુસાફરો ભીડ વગર સરળતાથી અવરજવર કરી શકે છે. ડીલક્સ પ્રતીક્ષા ખંડ પણ બનશે જેમાં ૨૧૮ ચોરસ ફૂટનું આરામદાયક વિશ્રામ ગૃહ, જેમાં ઉત્તમ વેન્ટિલેશન અને બેસવાની શ્રેષ્ઠ વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

વિશાળ ફૂટ ઓવર બ્રિજ મુસાફરોની સુરક્ષિત અવરજવર માટે ૧૨ ફૂટ પહોળો નવો પુલ, જે પ્લેટફોર્મ ૧ અને ૨ ને જોડે છે. વિશાળ કવર શેડમાં પ્લેટફોર્મ પર ૫૩૭૦ ચોરસ ફૂટનો નવો શેડ બનાવવામાં આવ્યો છે, જે મુસાફરોને તડકા અને વરસાદથી રક્ષણ આપશે. સ્માર્ટ પાર્કિંગઃ ૧૫૫૦ ચોરસ ફૂટનો સમર્પિત પાર્કિંગ વિસ્તાર, જે વધુ વાહનોને વ્યવસ્થિત રીતે સમાવી શકશે.

દિવ્યાંગજન-અનુકૂળ સુવિધાઓ માટે સર્વસમાવેશી મુસાફરી માટે ટેક્ટાઈલ ટાઈલ્સ, વિશેષ સાઈન બોર્ડ, હેન્ડરેલ્સ અને સમર્પિત પાર્કિંગ સ્લોટની વ્યવસ્થા તેમજ અદ્યતન શૌચાલય બ્લોકમાં ૧૧૪૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું અને આધુનિક સુવિધાઓથી સજ્જ નવું શૌચાલય સંકુલ બનાવાશે. સરળ પ્રવેશ અને નિકાસઃ ભીડના નિયંત્રણ માટે ૦૮ ફૂટ પહોળા દ્વાર અને સ્ટેશન એપ્રોચ રોડનું વિસ્તૃતીકરણ તેમજ સપાટી સુધારણા કરાશે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ગિરિરાજકુમાર મીનાના જણાવ્યા અનુસાર, "અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પડધરી સ્ટેશનનો આ પુનઃવિકાસ મુસાફરો માટે સરળતા અને ગૌરવપૂર્ણ મુસાફરીના નવા માપદંડ સ્થાપિત કરશે. આધુનિક પ્રતીક્ષા ખંડોમાં બેસવાની ઉત્તમ વ્યવસ્થા, વેન્ટિલેશન અને શાંત વાતાવરણ મુસાફરોનો અનુભવ વધુ સુખદ બનાવશે. આધુનિક માહિતી પ્રણાલી, બહેતર પ્રકાશ વ્યવસ્થા, સ્વચ્છ પરિસર અને સુવ્યવસ્થિત પ્રવેશ-નિકાસ મુસાફરોને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડશે."

હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

રાજકોટ,

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા સાથે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧) ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલઃ જે અગાઉ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૨) ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલઃ જે અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૦૨ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર ૦૯૫૨૫ ના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી કાઉન્ટર્સ અને વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરા વેબસાઈટ ની મુલાકાત લઈ શકે છે.

સીટીલાઇફ

રાજકોટના સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજને આજે દિવ્ય શણગાર

રાજકોટ,

રાજકોટના કાલાવડ રોડ ઉપર બિરાજમાન શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજનો આજનો શૃંગાર અતિ મનોહર અને ભક્તિભાવસભર રહ્યો. દાદાના મસ્તક પર નીલા રંગનો આકર્ષક સાફો સાથે સુંદર કલગી શોભતી જોવા મળી.અંગ પર સુસજ્જ વાદળી રંગ વસ્ત્રોમાં, પુષ્પમાળાઓ, ખભે ખેસ તથા પાછળની પિછવાઈએ સમગ્ર ગર્ભગૃહને આધ્યાત્મિક તેજથી ઝળહળતું બનાવી દીધું. ફૂલસજાવટ અને રંગોની સુમેળભરી રચનાથી દર્શનાર્થી ભક્તોના હૃદયમાં આનંદ અને શ્રદ્ધાનો સંચાર થયો છે.

રાજકોટના વોર્ડ નં.૧૮માં ભાજપ અગ્રણીના હસ્તે ડામર કામનો શુભારંભ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં ગુજરાત હાઉસિંગ બોર્ડ તથા શણગાર વાટીકામાં ડામર કરવાના કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટર ઓ તથા ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયાના વરદહસ્તે કરવામાં આવ્યો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ભાજપ અગ્રણી મનહરભાઈ બાબરીયા, કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, હિમાંશુભાઈ રાઠોડ, ચંદ્રેશભાઈ નિમાવત, જીતેન્દ્રભાઈ વાઘેલા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

રાજકોટમાં એ-ડીવીઝન સાયબર ફ્રોડમાં ગુમાવેલા નાણા – મોબાઇલ ફોન અરજદારોને પરત અપાવ્યા

રાજકોટ,

'તેરા તુજકો અર્પણ'અંતર્ગત શહેરના અલગ અલગ વિસ્તારોમાં સાયબર ફ્રોડનો ભોગ બનનારા લોકો તેમજ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢી અરજદારોને પરત અપાવવા માટે પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, એડીશનલ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા ડીસીપી રાકેશ દેસાઈ તથા એસીપી બી.જે. ચૌધરીની સૂચનાથી એ-ડિવીઝન પોલીસ મથકના પી.આઈ., બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ સાયબરની ટીમે પોલીસ મથકમાં આવેલી અરજીઓની ટેકનીકલ એનાલીસીસ કરી તપાસ હાથ ધરી સાયબર ફ્રોડનો ભોગ બનનારા ૧૬ અરજદારોના રૂા.૫,૬૪,૩૪૬ તથા રૂા. ૨,૧૨,૮૮૬ ની કિંમતના ગુમ થયેલા ૧૫ મોબાઈલ ફોન શોધી અરજદારોને પરત કર્યા હતા, તેમજ વસ્તુ કે દાગીના ગુમાવનાર ૧૨ અરજદારોને રૂા. ૨૬,૬૭,૨૨૩ નો મુદામાલ અરજદારોને પરત કર્યો હતો.

રાજકોટના વોર્ડ નં.૩ની નવી વોર્ડ ઓફિસની મુલાકાત લેતા મ્યુ. કમિશનર

સ્વચ્છતા કામગીરી, ગાર્બેજ કલેકશન, લોકભાગીદારી માટે ફરી સૂચનાઓ

રાજકોટ,

રાજકોટમાં જુદા જુદા કામોના ફોલોઅપ અને સુપરવિઝન માટે નિયમિત ફિલ્ડમાં રહેતા કમિશનરે મીટીંગ યોજીને તમામ અધિકારીઓને પણ ઓફિસના બદલે ફિલ્ડમાં વધુ રહેવા સૂચના આપી છે ત્યારે કમિશ્નર વોર્ડ નં.૩ની નવી વોર્ડ ઓફિસની મુલાકાતે પહોંચ્યા હતા. જેમાં સ્વચ્છતા કામગીરીને વધુ સઘન બનાવવા પણ સૂચના આપી હતી.

વોર્ડ નં. ૩માં નવી બનાવવામાં આવેલી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ઓફિસની સ્થળ મુલાકાત દરમિયાન સ્વચ્છતા વ્યવસ્થાને વધુ મજબૂત અને અસરકારક બનાવવા માટે ઓફિસમાં ઉપલબ્ધ સુવિધાઓ, કામગીરીની વ્યવસ્થા તેમજ મેદાન સ્તરે ચાલી રહેલી સ્વચ્છતા સંબંધિત કામગીરી અંગે વિગતવાર ચર્ચા અને સમીક્ષા કરવામાં આવી હતી. ઓફિસમાં સાધનો, મશીનરી, વાહનો, કર્મચારીઓની કામગીરીની વ્યવસ્થા તેમજ દૈનિક કામગીરીની પ્રક્રિયા અંગે માહિતી મેળવી હતી. કચરાના સંગ્રહ, પરિવહન, વર્ગીકરણ અને નિકાલ સંબંધિત વ્યવસ્થાની કાર્યક્ષમતાની ચકાસણી કરવામાં આવી હતી.આ વોર્ડમાં ચાલતી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી, ભીના અને સુકા કચરાના અલગ સંગ્રહ, રસ્તા સફાઈ, કોમર્શિયલ વિસ્તારો તથા જાહેર સ્થળોની સ્વચ્છતા અંગે ચાલી રહેલા કાર્યોની સમીક્ષા, શહેરને વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને ટકાઉ બનાવવા માટે વિભાગની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને લોકભાગીદારી ઉપર ભાર મૂક્યો હતો. આ મુલાકાતમાં ડે.કમિશનર હર્ષદ પટેલ, ના. પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર સહિતના અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

રાજકોટ જિલ્લા પેન્શનર્સ સમાજની વાર્ષિક સાધારણસભા મળી

૭૦ વર્ષથી વધુ વૃધ્ધો તથા દાતાઓનું પુષ્પગુચ્છ-શાલ ઓઢાડી સન્માન

રાજકોટ,

રાજકોટ જિલ્લા પેન્શનર્સ અને સિનિયર સિટિઝન સમાજ રાજકોટની વાર્ષિક સાધારણ સભા તથા દિવંગત પેન્શર્સને શ્રધ્ધાંજલી પાઠવતો કાર્યક્રમ પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ ખાતે યોજાયો હતો. જેનું ઉદ્ઘાટન જિલ્લા મુખ્ય જિલ્લા તિજોરી અધિકારી પી.એમ. જાડેજાના હસ્તે થયું હતું.

કાર્યક્રમમાં ૧૦૨ વર્ષના લાભશંકરભાઈ દવે લાભુદાદાનું અને એઈડ્ઝ પ્રિવેન્શન ક્લબના ચેરમેન ડો. અરુણભાઈ દવેનું વિશેષ સન્માન કરાયું હતું. મયુરભાઈ કારીયાની ટીમે ગીત-સંગીતની પ્રસ્તુતી કરી હતી. આ ઉપરાંત ૭૦ વર્ષથી વધુ વયના અને દાતાઓનું પુષ્પગુચ્છ-શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. પી.એમ. મહેતા, નરેન્દ્ર વિઠલાણીનું બહુમાન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કારોબારી તથા અન્ય સભ્યોએ જહેમત ઉઠાવી હતી. ચાલુ વર્ષે નવા સભ્ય બનવા ઈચ્છુકોએ ભાવનગરનો ઉતારો, નશાબંધી કચેરી નીચે, ત્રિકોણબાગ ખાતે સંપર્ક કરવો. વધુ માહિતી માટે પિયુષભાઈ હિન્ડોચાનો સંપર્ક કરવો. આ કાર્યક્રમમાં પ્રમુખ હારિતસિંહ જાડેજા, કેળવણીકાર ગીજુભાઈ ભરાડ, તિજોરી અધિકારી સી.એમ. વાછાણી, પી.જી. ચૌહાણ, યુનિવર્સિટીના એકાઉન્ટ ઓફિસર વી.સી. ગઢવી, બોલબાલા ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાય, ટ્રાફિક પી.આઈ. ગામીન, પોસ્ટ વિભાગના કલ્પેશ ભુવા, હિમાંશુભાઈ કક્કડ, રમેશભાઈ ધકાણ વિવિધ જિલ્લા, તાલુકા અને વિવિધ પેન્શનર્સ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટની સરકારી પ્રા. શાળાઓમાં ફાયર સેફટી પ્રાથમિક સારવાર અંગે તાલીમ અપાઈ

રાજકોટ,

સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ અંતર્ગત ફાયર એન્ડ સેફ્ટી પ્રાથમિક સારવાર અને ડિઝાસ્ટર આપત્તિઓ અંગે તાલીમો આપવામાં આવી હતી રાજય આપત્તિ વ્યવસ્થાપન સતામંડળ ગાંધીધામ નગરના ઉપક્રમે શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે .ત્યારે રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં રોજ પાંચ શાળાઓમાં અલગ અલગ ડેમોટેશન તાલીમો આપવામાં આવે છે. તારીખઃ૨૭/૧ના રોજ કિશોરસિંહજી પ્રાથમિક શાળા નંબર-૦૧, શ્રી બાવાજી રાજ પ્રાથમિક શાળા નંબર-૪, શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નંબર-૮, શ્રી મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર-૧૧ અને શ્રી લાલ બહાદુર પ્રાથમિક શાળા નંબર-૧૪માં ફાયર એન્ડ સેફ્ટી તાલીમ અને એસટીન્ગ્યુસર દ્વારા કરીને તાલીમમાં આપવામાં આવી હતી. તા.૨૮/૧ના રોજ મંગલ પાંડે પ્રાથમિક શાળા નંબર-૧૭,જે જે પાઠક શાળા નંબર-૧૯, સુભાષચંદ્ર બોઝ પ્રાથમિક શાળા નંબર-૨૦બી, એનીબેસન્ટ પ્રાથમિક શાળા નંબર-૨૮ અને વીરલાલા હરદયાળ પ્રાથમિક શાળા નંબર-૪૦ માં ફાયર વિભાગ દ્વારા અને તા.૨૯/૧ના રોજ લોકમાન્ય તિલક શાળા નંબર-૪૬, અકબરી શાળા નંબર-૪૭, સમ્રાટ અશોક શાળા નંબર-૪૯બી, ચાણક્ય શાળા નંબર-૫૬ અને અહલ્યાભાઈ હોલકર શાળા નંબર-૫૭ માં ફાયર અને ઈમરજન્સી વિભાગ દ્વારા આગ લાગે ત્યારે શું કરવું અને ફાયર એસટિંગ્યુશર નો ઉપયોગ કઈ રીતે કરવો તેની નિદર્શન કરી તાલીમ આપવામાં આવી હતી.

રાજકોટ મ્યુ. કોર્પો.ની ટીપરવાનના ૧૬ કામદારોને નોટીસ આપ્યા વગર છુટ્ટા કરવા સામે આવેદન

રાજકોટ,

રાજકોટ મ્યુ. કોર્પો.ના ટીપરવાનના ૧૬ કામદારોને નોટીસ આપ્યા વગર છુટા કરી દેવાતા તેની સામે રાજકોટ કામદાર યુનિયનએ વિરોધ વ્યકત કરી આ મામલે આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે અધિક કલેક્ટર મુછારને આવેદન સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી હતી.

રાજકોટ કામદાર યુનિયનના પ્રમુખ પારસ બેડીયાએ ટીપરવાનના છુટા કરાયેલા કામદારો સાથે કરેલી આ રજૂઆતમાં આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ટીપરવાનના કામદારોને નિયમોનો છેદ ઉડાડી કોન્ટ્રાક્ટરો દ્વારા પુરતો પગાર નહીં ચુકવી શોષણ કરવામાં આવે છે. કામદારોને બળજબરીથી ધમકાવી તેમના બેંક ખાતાની પાસબુક અને એટીએમ કાર્ડ કબ્જે લઈ લેવામાં આવેલ છે. બહારથી દેખાડવા માટે કામદારોના ખાતામાં પુરો પગાર જમા કરાવવામાં આવે છે. પરંતુ ત્યારબાદ ગેરકાયદે રીતે રોકડમાં ઓછો પગાર ચુકવવામાં આવે છે અને બાકીની રકમ કોન્ટ્રાક્ટરો દ્વારા હડપ કરવામાં આવે છે.

જ્યારે કામદારો દ્વારા પોતાની પાસબુક અને એટીએમ કાર્ડ પરત માંગવામાં આવ્યા ત્યારે બદલારુપે કોઈપણ કારણદર્શક નોટીસ આપ્યા વગર આ ૧૬ કામદારોને નોકરી પરથી છૂટા કરી દેવામાં આવેલ છે. જે અત્યંત અમાનવીય ગેરકાયદેસર અને દબાણની નીતિ દર્શાવે છે.

આ પ્રકારની કાર્યવાહી શ્રમ કાયદાઓ-બેઠકીંગ કાયદાઓ અને ભારતીય બંધારણના સમાનતા માનવતા, ગૌરવ અને અનુ. જાતિના રક્ષણ માટેના પ્રાવધાનોનો ખુલ્લેઆમ ભંગ કરે છે.

તેઓએ આ પ્રકરણમાં ડોર ટુ ડોર કચરો એકત્રીત કરતી કામગીરીમાં સંકળાયેલા તમામ કોન્ટ્રાક્ટરો સામે તપાસ કરવા તેમજ કામદારોની પાસબુક અને એટીએમ કાર્ડ બળજબરીથી કબજે લેવાના કૃત્ય બદલ દોષિતો સામે ફોજદારી કરવા તેમજ મ્યુ.કોર્પો.ના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી છે.

રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતા શાહે સેવાકાર્યો થકી જન્મદિવસ ઉજવ્યો

રાજકોટ,

વિધાનસભા-૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતા શાહ દ્વારા પોતાનો જન્મ દિવસ હંમેશા લોકો વચ્ચે અને લોક સેવાના કાર્યો સાથે ઉજવે છે. તેઓ દ્વારા પોતાના જન્મ દિવસ અંતર્ગત તા.૧૬-૦૧-૨૦૨૬ થી ૩૦-૦૧-૨૦૨૬ સુધી જુદાજુદા લોક સેવાના કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી.

પોતાની ગ્રાન્ટમાંથી ડસ્ટબિન વિતરણ કરેલ, શહેરીજનો પર્યાવરણ પ્રત્યે વધુને વધુ જાગૃત થાય જે અનુલક્ષી રોપા વિતરણ, તેમજ બ્લડ ડોનેશન કેમ્પ તથા ટી.બીના દર્દીઓને કીટ તેમજ દીવ્યાંગો માટે સરકારની યોજના તેઓ સુધી પહોચે જે અનુલક્ષી દીવ્યાંગોને સિટીબસ પાસ વિતરણ, સરકારની સંત સુરદાસ યોજના દીવ્યાંગોને લગ્ન સહાય મંજુરી પત્ર વિતરણ, તેમજ સરકારની વૃધ્ધ નિરાધાર સહાય તથા વિધવા સહાયના હુકમો વિતરણ કાર્યક્રમ તથા કુપોષિત બાળકોને કીટ વિતરણ કરવામાં આવેલ.